(જીગર) Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 23 DATE: 01- 03 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ સુદ તેરસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

## ગાંધીનગર મ્યુનિસિપાલિટીની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટેની સાઈટની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ





તારીખ ૨૩ મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે સેક્ટર-૧૨ ના ડો. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે મ્યુનિસિપાલિટીના સોલીડ વેસ્ટ સાઈટ માટેની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ. આ લોક પર્યાવરણ સુનાવણી ગાંધીનગર એસડીએમ પાર્થ કોટડીયાની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ જેનું સંચાલન ગુજરાત પ્રદુષણ બોર્ડના પ્રાદેશિક અધિકારી મેહુલ અજમેરાએ કર્યું હતું. ખાસ કરીને આ સાઈટની આસપાસ રહેતા રહીશોએ તેમાં ભાગ લીધો હતો અને પોતાના પ્રશ્નો રજુ કાર્ય હતા. આ લોક પર્યાવરણ સુનાવણીમાં આસપાસની સોસાયટીના રહીશોએ અહીં પ્લાન્ટ સ્થાપવા સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

લોકોએ ફરિયાદ કરી હતી કે નજીકમાં આવેલા અને અત્યારે કાર્યરત થર્મલ પાવર પ્લાન્ટથી મોટા પ્રમાણમાં પ્રદૂષણ થાય છે. લોકોના ઘરોમાં અને ધાબા ઉપર કાળી રજકણોની ચાદર પથરાઈ જાય છે. તેના માટે જવાબદાર કોણ? જ્યારે બીજી બાજુ ટોરેન્ટનો સાબરમતીમાં પાવર પ્લાન્ટ છે. ત્યાં આવો પ્રદૂષણનો કે રજકણોનો પ્રશ્ન નથી. આ વિચારવાનો પ્રશ્ન છે.

લોકોએ આ અગાઉ જે બે જગ્યાઓએ આ સોલિડ વેસ્ટ માટેની સાઈટ પસંદ કરી હતી પરંતુ ત્યાંના સ્થાનિક લોકોના વિરોધને લઈને તે સાઈટ રદ કરીને આ સાઈટ પસંદ કરી. અમારો વિરોધ કેમ ધ્યાનમાં લેવાતો નથી તેવો વેધક પ્રશ્ન કર્યો હતો. સોલીડ વેસ્ટ ડમ્પીંગ પ્રોજેક્ટ સામે અમારો વિરોધ નથી પરંતુ તેના માટે જ્યાં માનવ વસવાટ ન હોય તેવી જગ્યા પસંદ કરાય તો અમારો વિરોધ નથી. અત્યારે સાઈટ ઉપરથી અમુક વખતે આવી દુર્ગંધ આવે છે કે ખાવાનું છોડી દઈને ઉભા થઇ જવું પડે છે.

જો કે એકંદરે આ લોક પર્યાવરણ સુનાવણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ.

ગાંધીનગરના સેક્ટરત ૩૦ માં સ્થપાનાર આ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સુવિધાની ક્ષમતા માસિક ૨૫૦ મેટ્રિક ટન ની રહેશે. જે પર્યાવરણને અનુરૂપ બનાવવામાં આવશે. સંસાધન પુનઃ પ્રાપ્તિને મહત્તમ બનાવવામાં આવશે. જેમાં કચરામાંથી ઈંધણ બનાવવામાં આવશે. કંપોસ્ટીંગ ખાતર બનાવવામાં આવશે. નિષ્ક્રિય રિજેક્ટ માટે સેનેટરી લેન્ડફીલ બનાવવામાં આવશે.

## અંકલેશ્વર ખાતે બે દિવસનો HSE SEMINAR -2026 યોજાઈ ગયો







તારીખ ૨૦-૨૧ ફેબ્રુઆરીએ અંકલેશ્વર એન્વાયરમેન્ટ પ્રીઝર્વેશન સોસાયટી દ્વારા અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી એઆઈએ ઓડીટોરીયમ ખાતે HSE SEMINAR -2026 નું આયોજન કરાયું હતું. જેમાં રાજયની વિવિધ કંપનીઓમાંથી સેફટી પ્રૉફેશનલો જોડાયા હતા. તેમજ એક પ્રદર્શનીનું પણ આયોજન કરાયું હતું.

આ સેમિનારમાં દિપક નાઈટ્રેટના હેલ્થ, સેફટી અને સસ્ટેનિબિલિટીના જનરલ મેનેજર ડો. માથુર સક્સેના મુખ્ય વક્તા તરીકે વ્યક્તવ્ય આપ્યું હતું.

તેમને પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે સેફટી અને સસ્ટેનિબિલિટી વચ્ચે શું ફરક છે. સેફટી આજ માટે છે અને સસ્ટેનીબિલીટી લાંબા સમય માટે છે. આઈએલોના રિપોર્ટ અનુસાર ઈન્ડસ્ટ્રીઝમાં વિશ્વમાં દર વર્ષે ત્રણ લાખ કરતા વધુ જાનલેવા અકસ્માત થાય છે. દરેક અકસ્માતમાં એક બાપ, એક પુત્ર, માતા, પત્ની બાળકો જોડાયેલા હોય છે.

તેમને પોતાનો અનુભવ ટાંકતા જણાવ્યું હતું કે હું એક કંપનીમાં હતો ત્યારે એક પ્રોડક્શન હેડ દ્વારા ફિટરને બ્રાઈનની લાઈન કાપવાનો મેમો આપ્યો. લાઈન ઘણા લાંબા સમયથી બંધ હતી. તેનો કોઈ વપરાશ નહોતો. તેમાં ૪૦ ટકા મિથેનોલવાળું બ્રાયન હતું. તેમાંથી મટીરીયલ નીકળીને આગ પકડતા ફિટરના શરીર પર પડતા તે ૯૦ ટકા દાઝી ગયો.

તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. એક મહિનાની લાંબી સારવાર પછી રિકવરી આવતા તેને હોસ્પિટલમાંથી રજા આપવાનું નક્કી થયું. પરંતુ તેના આગલા દિવસે જ તેનું મૃત્યુ થયું. કારણકે ડોક્ટરોએ તેના દાઝી ગયેલ ભાગને સાજા કરવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું હતું પરંતુ દાઝી જવાની સાથે આંતરિક અંગો પણ નુકશાન થતું હોય છે. તેની કિડની ફેલ થઈ ગઈ. તેથી તે ૨૧ વર્ષનો નવયુવાન મૃત્યુ પામ્યો.

આ અકસ્માત પછી કંપનીએ એક ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી. તેમાં હું પણ હતો. લાઈન કાપવાનું રવિવારે રાખવામાં આવ્યું, કારણકે તે દિવસે સેફટી ઓફિસર ન હતા. તેમણે વિકલી ઓફ હતો. સેફટી ઓફિસર એ લાઈન કાપવાની મંજૂરી નહોતા આપતા. તેઓ બધા નિયમોનું સખ્તાઈથી પાલન કરાવતા હતા. તેને ટાળવા રવિવાર પસંદ કરાયો. ત્યારપછી કંપનીએ સેફટી બાબતમાં પોતાનું ઈન્વોલ્વમેન્ટ વધાર્યું.

ખાસકરીને કોસ્ટને ધ્યાનમાં લઈને કંપનીઓ સેફટીનું મહત્વ ઓછું આપે છે. પરંતુ તેમને એ બાબતનું ધ્યાન દોરવું જોઈએ કે એક અકસ્માત ૩૩ થી ૫૦ ગણો વધારે ખર્ચાળ સાબિત થઇ શકે છે. સેફટીની અવગણના મોંઘી પુરવાર થઈ શકે છે.

કંપનીઓમાં સેફટી કલ્ચર વિકસાવવું જોઈએ. સામાન્ય રીતે ૪ ટકા વાતો જ મેનેજમેન્ટ સુધી પહોચતી હોય છે. હવે પહેલા જેવું નથી. અકસ્માતો છુપાવવા હવે આજના જમાનામાં શક્ય નથી.

સેફટી કલ્ચરમાં સાયકોલોજી સેફટી બહુ અગત્યની છે. સામાન્ય કામદારને જો સેફટીનો પ્રશ્ન લાગે તો તે મેનેજિંગ ડિરેક્ટરને બોલી શકે કે આ કામ હું નહીં કરી શકું. તે વખતે તેને નોકરી જવાનો ભય ન લાગવો જોઈએ. તેવું વાતાવરણ કંપનીમાં વિકસાવવું જોઈએ.

AEPS ના સ્થાપક ટ્રસ્ટી એન. કે. નાવડીયાએ જણાવ્યું હતું કે AEPS માંથી સેફટીનો કોર્સ કરીને હજારો સેફટી ઓફિસરો દેશની વિવિધ કંપનીઓમાં તેમની સેવાઓ આપી રહ્યા છે. તેમને એકત્ર કરીને તેમના અનુભવો વિષે ચર્ચા વિચારણા કરીને એક પુસ્તક બનાવવું જોઈએ. જે ઈંગલિશ અને ગુજરાતી બંને ભાષામાં પ્રકાશિત કરીને કામદારોથી લઇ સૌને આપવું જોઈએ. તેમની પાસે વિશાલ અનુભવનો નિચોડ હોય જે ઉપયોગી સાબિત થાય.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અંકલેશ્વરના મામલતદાર કિરણસિંહ રાજપૂત,, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવા, નોટીફાઈડ એરિયા ઑથોરિટી ના ચેરમેન પ્રબોધ પટેલ, DISH ભરૂચના ડેપ્યુટી ડાઈરેક્ટર ડી. બી. ગામીત, ચીફ કો-ઓર્ડિનેટર – ડીપીએમસી વિજય આશર, ચેરમેન – એઈપીએસ અતુલ બૂચ ઉપસ્થિત રહ્યા હતા.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
GMP REACTOR
STORAGE VESSELS &TANKS
HEAT EXCHANGER
AGITATED NUTCHE FILTER DRYER
VACUUM TRAYS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC,
Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal
+91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

# વ્યાપાર જગત સાવધાન

રશિયા અને યુક્રેન યુદ્ધ હજુ પણ લાંબુ ચાલવાનો અણસાર છે. યુદ્ધ વિરામ માટે યુનોમાં એક ઠરાવ હમણાં જ પસાર કરવામાં આવ્યો છે. આ યુદ્ધ હવે પાંચમા વરસમાં અમંગલ પ્રવેશ કરી રહ્યું છે. એફ પાંત્રીસ-બી ફાઈટર લડાયક વિમાનો અમેરિકાએ રવાના કર્યા છે, જે વાયા બ્રિટન ગમે ત્યારે યુક્રેન તરફે લડવા માટે પહોંચી શકે છે. ભારતીય રિઝર્વ બેક્રના ગવર્નરે હમણાં વાત વાતમાં એમ કહી દીધું કે ભારતમાં આવનારા બે દાયકા મંદીના પ્રભાવમાં પસાર થવાની શક્યતા છે. જોકે એમનો હેતુ સરકારને કે દેશના વેપાર જગત ને મુંઝવણમાં મુકવાનો ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ એમની તટસ્થતા નોંધપાત્ર છે. એમના વિશે એટલે સુધીની વાત તો રસપ્રદ છે કે તેઓ સત્તા પર આવ્યા અને તેમણે રિઝર્વ બેંકનું સુકાન સંભાળ્યું ત્યારે એમના વિશેની જે માન્યતાઓનાં વાદળો હતાં તે તેમના અભિવર્તનથી તરત વિખરાઈ ગયેલાં છે.

મંદી સામે લડવાનો પ્રથમ ઉપાય જે દુનિયાના અનેક મહાન અર્થશાસ્ત્રીઓએ વારંવાર કહ્યો છે તે એક જ છે કે ઉત્પાદનો પરનો વધારાનો નફો ગ્રાહકો સાથે નિખાલસતાથી અને ઝડપથી ઓછો કરવો. મંદી આવવાનાં કારણો ઘણાં છે, પરંતુ એમાંનું એક કારણ વધારાનો નફો પણ હોય છે. આજકાલ સોની બજારમાં ઊંચા ભાવની અસર દેખાય છે. આ જ કારણસર છેલ્લા કેટલાક સમયથી ભારતીય બજારોમાં કેટલાક બ્રાન્ડેડ ઉત્પાદન કહેવાય તેના ભાવ ઝડપથી ઘટી રહ્યા છે. વેચાણ કિંમતમાં ખાનગીમાં ૩૩ ટકા જેટલો કાપ મૂકવાની તૈયારી રાખતાં અનેક ઉત્પાદકો માર્કેટમાં છે. જે લોકો પાંચથી દસ લાખની નવી કોઈ ખરીદી કરવા ચાહતા હોય તેમને બજારના પ્રવાહો જ આજકાલ રોકે છે અને 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવવાનું કહે છે.

આરબીઆઈના ગવર્નરની એક બીજી પણ ટકોર છે અને હૈયાધારણા પણ છે કે આવનારા વીસ વર્ષ મંદીમાં પસાર થવાના હોય એનો અર્થ એ નથી કે ભારતીય પ્રજાનું આર્થિક ઉત્થાન રાતોરાત અટકી જવાનું છે, કારણ કે કરોડોની જનસંખ્યા ધરાવતી પ્રજા જે કંઈ પ્રવૃત્તિઓ કરશે એ પ્રવૃત્તિઓના પરિણામ સ્વરૂપે વાર્ષિક પાંચ ટકા વિકાસ દર તો રહેશે. એટલે કે દર વર્ષે પ્રજા પોતાના પરિશ્રમથી પાંચ ટકા વિકાસ તો સ્વાભાવિક રીતે હાંસલ કરશે. ચીન અને અમેરિકાના ટ્રેડવોર અને ટેરિફને કારણે અત્યાર સુધી જે તમામ નકારાત્મક પ્રભાવ ચીન અને એની નિકાસ તથા તેની વેપાર વૃદ્ધિ પર પડયા તે જ પ્રભાવ અમેરિકન બજારમાં પડવા લાગ્યા છે. રશિયા અને યુક્રેન યુદ્ધે એ પ્રભાવને વધુ ઘેરો બનાવ્યો છે. હમાસ, ઈઝરાયેલ, ઈરાનની અસર વળી એમાં ઉમેરાઈ છે. અમેરિકાની કુલ નિકાસ છેલ્લા કેટલાક સમયથી ઘટવા લાગી છે. જ્ઞાનસૂત્ર અમેરિકા ફર્સ્ટ સાથે ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણપંથી વિચારધારાના ઢોલ વગાડયા, પછી પણ સ્થાનિક ઉમેદવારોને આપેલી રોજગારી હવે બહુ લાંબો સમય ટકી શકે એમ નથી, કારણ કે અમેરિકન કંપનીઓ પર પણ ઉત્પાદન કાપની તલવાર લટકી રહી છે.

આ સપ્તાહની શરૂઆતમાં કેન્દ્ર સરકારે એવો સંકેત આપ્યો હતો કે હવે એનડીએનો અગ્રતાક્રમ માત્ર દેશનું અર્થતંત્ર પાટે ચડાવવાનો છે. સરકારે વિદેશી રોકાણકારોના નફા પરનો સુપર સરચાર્જ તો ક્યારનોય રદ કરી દેતા તબક્કાવાર ભારતીય શેરબજારમાં અને મૂડી બજારમાં નાણાંનો નવો પ્રવાહ આવ્યો છે. આંતરરાષ્ટ્રીય તખ્તા પર અમેરિકા વિરુદ્ધ રશિયાનું લોબિંઈંગ થવાની દહેશતે મોટા રોકાણકારો તટસ્થ દેશ તરીકે ભારત તરફ વળવાની આશા હવે પ્રબળ બની છે. અને એટલે જ આવનારા દિવસોમાં કેન્દ્રના નાણાંપ્રધાન સીતારામન પાસેથી અર્થતંત્ર અને પ્રજા વધુ સારા ફેરફારો અને સુધારણાની અપેક્ષા રાખે છે. કેન્દ્ર સરકારે લઘુ ઉદ્યોગોને ક્લસ્ટર બનાવીને સાહસ કરવાની સલાહ આપી છે. સરકારના કહેવા પ્રમાણે ક્લસ્ટર એટલે ચાર કે પાંચ નાના ઉદ્યોગ સાહસિકો સંયુક્ત રીતે ઉત્પાદકીય પ્રવૃત્તિ કરે તે.

સરકારના કહેવાથી જીએસટીના લાભ માટે એવા ક્લસ્ટર જો રચાઈ શકે તો એનો ફાયદો લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને મહત્તમ છે. એમનું કરભારણ અને પડતર બન્ને ઘટી શકે છે. આંતરરાષ્ટ્રીય સંયોગો હવે તો સતત પરિવર્તનશીલ છે. રશિયાએ જ્યારે ટેક્રનું પહેલું ચક્ર યુક્રેન તરફ દોડાવ્યું ત્યારે એને કલ્પના ન હતી કે યુક્રેનની પ્રજામાં આટલો બધો રાષ્ટ્રપ્રેમ હશે. પ્રજા વગર શસ્ત્રો પણ લડી શકે છે અને ચાણક્ય કહે છે એમ એ એની આત્મશક્તિથી કોઈ પણ સેનાપતિ વિના જીતી પણ શકે છે. હવે સિત્તેર કિલોમીટર સુધી લંબાયેલો રશિયન ટેક્રોનો કાફલો અટકી જવાનું એક કારણ યુક્રેનિયન પ્રજાનો વતનપ્રેમ પણ છે.

## ભારતમાં સામાન્ય લોકો કરે છે વર્ષે કરોડોનું દાન

સામાન્ય રીતે ભારતમાં પરોપકારની વાત કરવામાં આવે તો તેની વાત એ કહેવાતા મોટા લોકોના દાનથી જ શરૂ થતી હોય છે.તેમાં કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર)નું બજેટ, અબજોપતિઓનાં વચનો, અને મોટાં-મોટાં ફાઉન્ડેશન સામેલ હોય છે, પરંતુ એક નવા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ભારતમાં ઉદારતા, પરોપકારનું અસલ એન્જિન તો ઘણું સાધારણ છે અને વ્યાપક પણ છે.અશોકા યુનિવર્સિટીના સેન્ટર ફૉર સોશિયલ ઈમ્પેક્ટ ઍન્ડ ફિલાન્થ્રોફી (સીએસઆઈપી)એ 'હાઉ ઈન્ડિયા ગિવ્સ ૨૦૨૫' રિપોર્ટ બનાવ્યો છે.આ રિપોર્ટ એ પરંપરાગત ધારણાને પડકારે છે કે સંગઠિત અને સંસ્થાગત ધન જ ઉદારતા અને પરોપકારની હોડી હંકારે છે, પરંતુ હકીકતમાં આ હોડીને હંકારનાર વિશાળ શક્તિ છે, સામાન્ય લોકો અને સામાન્ય ઘર-પરિવાર.રિપોર્ટ પ્રમાણે, ભારતમાં ઘરોમાંથી કરવામાં આવતું કુલ વાર્ષિક દાન લગભગ ૫૪૦ અબજ રૂપિયા આંકવામાં આવ્યું છે. તેમાં કૅશ, વસ્તુઓ રૂપે કરવામાં આવતું દાન અને સ્વેચ્છાએ કરવામાં આવતી સેવા પણ સામેલ છે.ભારતના લગભગ ૬૮ ટકા લોકો કોઈને કોઈ રીતે દાન કરે છે, તેમાંથી ૪૮ ટકા વસ્તુઓ સ્વરૂપે હોય છે, જેમાં ભોજન, કપડાં અને અન્ય ઘરેલુ સામાન હોય છે. ૪૪ ટકા રોકડમાં, ૩૦ ટકા સ્વેચ્છામાં સેવા તરીકે આપે છે. આ દાન બિન-લાભકારી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને કૉમ્યૂનિટી ગ્રૂપ્સમાં આપવામાં આવે છે.ભોજનનો મોટા ભાગનો હિસ્સો સામૂહિક લંગરો અને મફત રસોઈકેન્દ્રોમાં જાય છે. જ્યારે સ્વયંસેવા મોટે ભાગે ધાર્મિક સંસ્થાઓમાં કરવામાં આવે છે જેમાં આ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી આપત્તિ-વ્યવસ્થાપનની કામગીરી પણ સામેલ છે.અશોકા યુનિવર્સિટીનાં સીએસઆઈપીના પ્રમુખ જિની ઉપ્પલે બીબીસીને જણાવ્યું હતું કે, ભારત બહુ ઉદાર દેશ છે. અમારાં તારણો દર્શાવે છે કે સાધારણ ઘર-પરિવારોની ભૂમિકા જેટલી માનવામાં આવે છે તેના કરતાં ઘણી મોટી છે. ઉદારતા અહીં વ્યાપક છે અને સંસ્કૃતિમાં જ સમાયેલી છે.આ રિપોર્ટનું મુખ્ય તારણ એ છે કે ભારતીય પરોપકાર એ કુલીન વર્ગના નેતૃત્વથી જ નથી ચાલતો, પરંતુ પરંતુ લોકો દ્વારા સંચાલિત, સ્થાનિક અને સંબંધલક્ષી છે. અહીં પરોપકાર એ આસ્થા, સામસામે અપીલ અને રોજિંદા જીવનની જવાબદારીના આધારે ચાલે છે અને આવકના તમામ સ્તરે અસ્તિત્વ ધરાવે છે.આ સર્વેમાં ૨૦ રાજ્યોના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાંથી ૭ હજારથી વધુ લોકોના ઈન્ટરવ્યૂનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ વિશ્લેષણને સરકાર દ્વારા કરવામાં આવતા નૅશનલ સેમ્પલ સર્વે (એનએસએસ)ના આંકડા સાથે જોડવામાં આવ્યું હતું. તેના આધારે જ અલગ-અલગ આવકના સ્તરે દાન કરનારાઓની પ્રોફાઈલ બનાવવામાં આવી.સહભાગીઓએ ત્રણ મહિનાના સમયગાળામાં કેટલી વાર અને કેટલું દાન આપ્યું તે ખુદ જણાવ્યું હતું. આ આંકડાઓને વાર્ષિક અંદાજમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા.આ સર્વેમાં 'દૈનિક જીવનમાં અપાતા દાન' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં સીધી, વ્યક્તિગત મદદ - જેમ કે ભિખારીઓ, પરિવાર અથવા મિત્રોને સહાય - જેને ઘણી વાર દાન કહેવામાં આવે છે. સંગઠિત, બિનધાર્મિક સંસ્થાઓને દાન કે જેને સામાન્ય રીતે પરોપકાર કહેવામાં આવે છે - આ બંનેનો સમાવેશ થાય છે.તેમાં 'રિટેલ ગિવિંગ' એટલે કે, સામાન્ય લોકો (ધનવાન દાતાઓ નહીં) દ્વારા નોંધાયેલા બિનનફાકારક સંગઠનોને આપવામાં આવેલા દાનની પણ તપાસ કરવામાં આવી હતી. સર્વેક્ષણમાં વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવમાં આવ્યો હતો. તેમાં અનૌપચારિકરૂપે વ્યક્તિઓને આપવામાં આવેલું સીધું દાન અને ધાર્મિક સંગઠનોને આપવામાં આવતા દાનનો પણ સમાવેશ થતો હતો.સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે નિકટતા અને શ્રદ્ધા દાન પર મજબૂત પ્રભાવ ધરાવે છે. લગભગ ૪૦-૪૫ ટકા દાન ધાર્મિક સંસ્થાઓને જાય છે, અને એટલું જ પ્રમાણ ભિખારીઓ અને નિરાધારોને જાય છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં આ પ્રકારે દાન થાય છે. ગ્રામીણ ભારતમાં ધાર્મિક સંસ્થાઓ સૌથી વધુ પ્રભાવશાળી છે.સીએસઆઈપીના રિસર્ચ હેડ કૃષ્ણનુ ચક્રવર્તીએ કહ્યું, અમે દાન આપવાની પ્રેરણા વિશે વ્યાવહારિક પ્રશ્નો પૂછ્યા. ૯૦ ટકાથી વધુ સહભાગીઓનું કહેવું હતું કે દાન આપવા પાછળ તેમનું મૂળ કારણ એ ધાર્મિક કર્તવ્ય છે, એક નૈતિક જવાબદારી છે જે તેમના દાનને આકાર આપે છે અને સતત તેમને દાન કરવા પ્રેરે છે.લોકોમાં દાન આપવા પાછળની ભાવના એ સીધી વિનંતીઓ અથવા અપીલો દ્વારા જાગૃત થાય છે. એટલે કે ઘરો, ધાર્મિક સ્થળો અથવા જાહેર સ્થળોએ રૂબરૂમાં કરવામાં આવતી વિનંતીઓ અથવા અપીલો. આ પદ્ધતિ એ ડિજિટલ દાન, ફંડરેઈઝિંગ કરતાં ઘણી સામાન્ય છે.સર્વેમાં શિક્ષણ અને ઉદારતા વચ્ચેનો સંબંધ પણ જોવા મળ્યો હતો. અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ લોકોની દાનમાં ભાગીદારી સૌથી વધુ છે.જોકે, દાન ફક્ત શ્રીમંત લોકો સુધી મર્યાદિત નથી. પ્રતિમાસ ચાર-પાંચ હજાર રૂપિયા કમાતા પરિવારોમાંથી પણ લગભગ અડધા પરિવારો દાન કરે છે. જેમ જેમ આવક વધે છે, તેમ તેમ ભાગીદારી ૭૦-૮૦% સુધી પહોંચે છે.લૈંગિક પૅટર્ન સૂક્ષ્મ છે પણ સૂચક છે. પુરુષપ્રધાન ઘર-પરિવારો ધાર્મિક દાન તરફ થોડા વધુ વલણ ધરાવે છે, જ્યારે સ્ત્રીપ્રધાન ઘર-પરિવારો નિરાધારોને મદદ કરવા તરફ થોડું વધુ વલણ દર્શાવે છે.ઉપ્પલ કહે છે, સર્વેની સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે ભારતમાં દૈનિક જીવનમાં જોવા મળતી ઉદારતા એ આકસ્મિક નથી, પરંતુ વ્યવસ્થિત છે. આ ઉદારતા આવક જૂથો, ઉંમર, લિંગ, શહેરી કે ગ્રામીણ ક્ષેત્રોથી પરે છે અને રોજબરોજના સામાજિક જીવનમાં ઊંડાણપૂર્વક જોડાયેલી છે.બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે અંદાજ મુજબ ભારતમાં કુલ દાનમાં દૈનિક દાનનો હિસ્સો લગભગ ૧૫ ટકા છે, પરંતુ સંગઠિત સામાજિક ક્ષેત્રને મળતા ખાનગી દાનમાં આ હિસ્સો લગભગ ૩૩ ટકા છે.ઉપ્પલ કહે છે, રોજિંદા દાતાઓ તરફથી મળનારી ચેકની રકમ ભલે નાની હોય, પણ સામાજિક પ્રભાવમાં જોઈએ તો નાગરિકો તરફથી મળતું તે એક મોટું યોગદાન છે.સંશોધકોના મતે, અંતિમ નિષ્કર્ષ વધુ મૅથોડોલૉજિકલ છે.

## દમણ સાંસદ ઉમેશ પટેલ CPCB ચેરમેનને મળી વાપી-દમણના પ્રદૂષણ મુદ્દે ગંભીરતાથી રજૂઆત કરી

સંઘ પ્રદેશ દમણના લોક્સભા સાંસદ ઉમેશ બાબુભાઈ પટેલે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના ચેરમેન વીર વિક્રમ યાદવ સાથે મહત્વની મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન સાંસદે વાપી અને તેની આસપાસના ઔદ્યોગિક એક્મો દ્વારા ફેલાવવામાં આવતા પ્રદૂષણ અંગે વિસ્તૃત ટેકનિકલ અને તથ્યાત્મક રજૂઆતવાળું આવેદનપત્ર સુપરત કર્યું હતું.

સાંસ ઉમેશ પટેલે ધ્યાન દોર્યું હતું કે, વાપી-દમણ ઔધોગિક કોરિડોર લાંબા સમયથી દેશના સૌથી વધુ પ્રદૂષિત વિસ્તારોમાં સામેલ છે. વર્ષોથી અનેક નિરીક્ષણ અહેવાલોમાં ઉલ્લંઘન નોંધાયા હોવા છતાં અસરકારક અમલીકરણનો અભાવ ચિંતાનો વિષય છે. તેમણે જણાવ્યું કે, સતત ૧૪ સંયુક્ત નિરીક્ષણ અહેવાલોમાં કોમન એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) ની નિષ્ફળતા નોંધાઈ હોવા છતાં કોઈ નિર્ણાયક પગલાં લેવામાં આવ્યા નથી. આ પ્રદૂષણને કારણે પર્યાવરણ, લોકોનું સ્વાસ્થ્ય અને ઔદ્યોગિક શ્રમિકોના જીવન પર ગંભીર અસર પડી રહી છે. સાંસદ ઉમેશ પટેલે રીયલ-ટાઈમ પ્રદૂષણ મોનિટરિંગ અને PM2.5 તથા VOC જેવા ખતરનાક પ્રદૂષકોની વૈજ્ઞાનિક તપાસ કરવાની માંગ કરી હતી.. તેમણે વાપી-દમણ ક્ષેત્રમાં CEPI (Comprehensive Environmental Pollution Index) નું તાત્કાલિક પુનઃમૂલ્યાંકન કરવાની પણ અપીલ કરી હતી.

## વિપક્ષનો આરોપ કે અમદાવાદમાં પ્રદુષણ વધી રહ્યું છે પરંતુ આંકડાઓ સાથે માયાજાળ રમાય છે.

અમદાવાદમાં વિકાસની સાથે સાથે પ્રદુષણમાં પણ વધારો થઇ રહ્યો છે. અમદાવાદ શહેરમાં પ્રદૂષણના મામલે મ્યુનિ.કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા શહેઝાદખાન પઠાણના જણાવ્યા મુજબ, છેલ્લાં ૧૦ વર્ષમાં અંદાજે ૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હોવા છતાંય શહેરમાં પ્રદૂષણની સ્થિતિ સુધારવાને બદલે બગડતી જય રહી છે. સત્તાધીશોની પ્રદૂષણ ડામવાની કોઈ ચોક્કસ નીતિ નથી. જેના કારણે શહેરના લાખો રહીશો હવા, પાણી સહિતના પ્રદૂષણની ગંભીર સમસ્યાથી પીડાઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં હવાના પ્રદૂષણનું વધતું સ્તર શહેરીજનો માટે ચિંતાજનક છે. ઉદ્યોગો, કારખાનાઓની ધૂળ, રજકણો, હવાને ઝેરી બનાવી રહી છે.

નરોડા, નિકોલ, વટવા, ઓઢવ, કઠવાડા, નારોલ, ગ્યાસપુર, પિરાણા, દાણીલીમડા, સરખેજ, સહિતના વિસ્તારોમાં ઘરોમાં સૂકવેલા કપડાં પર પણ કાળા રંગની ધૂળની રજકણો જામી જવાની સમસ્યા છે. ઘરના ધાબા પર તો કાળી રજકણોની ચાદર પથરાઈ જતી હોય છે. સવારે ધાબા પર ચાલીએ તો પગલાં પડે તેવી સ્થિતિ હોય છે. આ સ્થિતિ નવી નથી છતાંય મ્યુનિ.કોર્પોરેશન અને GPCB દ્વારા આજદીન સુધી અસરકારક પગલાં લેવાયાં નથી. જેના કારણે લાખો શહેરીજનો વાયુ પ્રદૂષણ વચ્ચે જીવી રહ્યા છે. અમદાવાદ શહેરમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને લઈને હવાનું પ્રદૂષણ ઘટાડવાના કાગળ પર આયોજનો કરવામાં સરકારી અધિકારીઓ પડયા છે. ત્યા

પર્યાવરણ ઈજનેર મહેશ પંડયાના જણાવ્યા મુજબ, AQI મશીનો બગીચામાં ન હોવા જોઈએ. જયાં ધુળ-ધુમાડા સહિતનું બહારનું વાતાવરણ કોઈ પણ અવરોધ વગર મશીનને સ્પર્શે ત્યાં મૂકવામાં આવે તો જ વાયુ પ્રદૂષણનો સાચો આંક જાણવા મળે. બગીચામાં ઝાડી-ઝાંખરા વચ્ચે અને તેમાંય પાણીના સતત છંટકાવ વચ્ચે AQIનું સાચું માપ મેળવવું તે શક્ય નથી. પૂર્વમાં ઉધોગોના કારણે પ્રદૂષણ છે. પશ્ચિમમાં ખરાબ રોડ, ટ્રાફિકના કારણે ધૂળ-ધુમાડા ઊડતા હોવાથી પ્રદૂષણની સ્થિતિ ખરાબ છે. અમદાવાદમાં દૈનિક ૨૦૦થી વધુ AQI રહે છે. જે ૧૦૦ની અંદર હોવું જોઈએ. અમદાવાદની સ્થિતિ દિલ્હી જેવી થવા જઇ રહી છે.

કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીના જણાવ્યા મુજબ શહેરીજનોને શુદ્ધ હવા. પાણી આપવાની સરકારની જવાબદારી છે.AQI સુધારવાને બદલે તેના માપદંડો સાથે ચેડા કરવા તે શરમજનક છે. પ્રજા સાથે આવો વિશ્વાસઘાત ચલાવી ન લેવાય, આવો ખેલ માનવ જિંદગી સાથેનો ખેલ છે.

ખારીકટ કેનાલના પ્રદૂષણ અંગે લડત ચલાવનાર કપિલ દેસાઈના જણાવ્યા મુજબ, કોર્પોરેશનની જ્યાં સાઈટો, પ્રોજેક્ટો ચાલી રહ્યા છે ત્યાં પ્રદૂષણ નિયમનના નોમ્સનું પાલન થઈ રહ્યું નથી. બગીચાની હવા, વાતાવરણ શુદ્ધ રહેતુ હોય છે. ત્યાં હવાનું માપન કરવું એ શહેરીજનોની આંખમાં ધૂળ નાખવાની વાત છે. નવાઈની વાત એ છે કે અમદાવાદમાં જીઆઈડીસીઓમાં સૌથી વધુ પ્રદૂષણ થતું હોય છે તો ત્યાં AQI મશીનો મુકાયા નથી. ત્યાં પ્રદૂષણ માપવાના ઉપકરણો લગાવાયા નથી.

જ્યાં પ્રદૂષણ થાય છે ત્યાં પ્રદૂષણ મપાતું નથી અને જયાં શુદ્ધ હવા હોય છે ત્યાં પ્રદૂષણ માપવામાં આવે છે તે દેખીતી રીતે જ સામાન્ય શહેરીજનને પણ ખરબ પડે તેવી વાત છે.


### FORM IV

Statement about ownership and other particulars about newspaper **BIRD VIEW OF INDUSTRIES** to be published in the first issue every year after the last day of February.

1. Place of publication : **BIRD VIEW OF INDUSTRIES OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
2. Periodicity of its publication : **FORTNIGHTLY**
3. Printer's Name : **JITENDRAKUMAR BABALBHAI PATEL**
   Nationality : **INDIAN**
   Address : **OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
4. Publisher's Name : **JITENDRAKUMAR BABALBHAI PATEL**
   Nationality : **INDIAN**
   Address : **OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
5. Editor's Name : **JITENDRAKUMAR BABALBHAI PATEL**
   Nationality : **INDIAN**
   Address : **OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding More than one per cent of the total capital.

**JITENDRAKUMAR BABALBHAI PATEL** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief..

**Date : 28/02/2026** **JITENDRAKUMAR BABALBHAI PATEL**

**Signature of Publisher**

# ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા CSR અંતર્ગત પાદરાની શ્રી સાગર વિદ્યાલયમાં મલ્ટી પર્પઝ શેડનું નિર્માણ








ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ દ્વારા દ્વારા તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ અંતર્ગત અને તેની ઝજીઈ અમલકારી સંસ્થા મુકુલ માધવ ફાઉન્ડેશન મારફતે પાદરા, વડોદરા જિલ્લાના શ્રી સાગર વિદ્યાલય ખાતે મલ્ટી પર્પઝ શેડ (MPS) નું નિર્માણ કરવામાં આવ્યું છે.

શાળાએ અગાઉ વિદ્યાર્થીઓ માટે યોગ્ય અને સુરક્ષિત સ્થળ ન હોવાથી મધ્યાહ્ન ભોજન જમીન પર બેસીને લેવુ પડતું હોવાનું રજૂ કર્યું હતું. ખાસ કરીને ચોમાસા અને અતિ હવામાન દરમિયાન આ સમસ્યા વધુ ગંભીર બનતી હતી. વિદ્યાર્થીઓની ગૌરવ, સ્વચ્છતા, આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા મુકુલ માધવ ફાઉન્ડેશન મારફતે આ મલ્ટી પર્પઝ શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ નવો મલ્ટી પર્પઝ શેડથી મધ્યાહ્ન ભોજન યોજનાના અમલ માટે સ્વચ્છ, સુરક્ષિત અને ગૌરવસભર જગ્યા મળશે. સવારની પ્રાર્થના અને સભાઓ માટે સુવિધાજનક સ્થળ મળશે. શૈક્ષણિક, સહપાઠ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગી મંચ મળશે. શાળાના કાર્યક્રમો તથા સમુદાયિક પ્રવૃત્તિઓ માટે સામાન્ય સુવિધા મળશે.

આ સુવિધાથી વિદ્યાર્થીઓનો શાળાનો અનુભવ વધુ સુખદ બનશે, હાજરીમાં વધારો થશે અને બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે.

મલ્ટી પર્પઝ શેડના ઉદ્ઘાટન કાર્યક્રમમાં વિજય ચારણ, પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર, ગઢવી, પાદરા PSI તેમજ ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન તરફથી કલ્પેશ પરમાર, સચિન ભાટિયા અને નિતુલ બારોટ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક ગ્રામ સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ના સભ્યો, ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ Svades NGO ની ટીમ પણ ઉપસ્થિત રહી હતી.

આ અવસરે શાળાના ટ્રસ્ટીએ ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા વર્ષોથી મળતા સતત સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. અગાઉ પણ શાળાને સ્વચ્છતા સુવિધાઓ, RO પાણી કૂલર, બેન્ચો, LLF શિક્ષણ પ્રોજેક્ટ, કમ્પ્યુટર તથા કમ્પ્યુટર શિક્ષક સહાય, વૃક્ષારોપણ અભિયાન, તેમજ બાળકો માટે પતંગ અને રાખડીના વિતરણ દ્વારા તહેવારોની ઉજવણી જેવા અનેક સહયોગો આપવામાં આવ્યા છે.

મલ્ટી પર્પઝ શેડના નિર્માણ સાથે હવે શ્રી સાગર વિદ્યાલયને ગ્રામ્ય સ્તરે ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિદ્યાર્થીઓના ગૌરવ, આરોગ્ય અને સુરક્ષાને મજબૂત બનાવતી મહત્વપૂર્ણ પાયાની સુવિધા પ્રાપ્ત થઈ છે.

આ પહેલ ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જવાબદાર કોર્પોરેટ નાગરિકત્વ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જ્યારે મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા આ CSR પહેલોને ગ્રામ્ય સમુદાયોમાં ટકાઉ અને અસરકારક રૂપ આપવામાં આવી રહ્યું છે.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
SPITMAAN® Sealflex™ Jointing Sheet
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# દીપક નાઈટ્રેટ દ્વારા અનગઢ અને રામપુરાની શાળામાં સ્માર્ટ બોર્ડ એનાયત કરાયા





નંદેસરી ખાતે કાર્યરત દીપક નાઈટ્રેટ લિમિટેડ આસપાસના વિસ્તારોના વિકાસ માટે અને લોકોના જીવનધોરણમાં સુધારા માટે સતત કાર્યશીલ છે. તાજેતરમાં નંદેસરી એસ્ટેટ નજીક આવેલ અનગઢ ગામ ખાતે આવેલ પ્રાથમિક સ્કુલમાં તેમજ રામપુરા ગામની પ્રાથમિક સ્કુલમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ૦૭ સ્માર્ટ બોર્ડ આપ્યા હતા. જેથી સરકારી શાળાના વિદ્યાર્થીઓ પણ પ્રાઈવેટ શાળાના વિદ્યાર્થીઓ જેવું શિક્ષણ મેળવી શકે. આ પ્રસંગે દિપક નાઈટ્રેટ ગ્રૂપના કોર્પોરેટ અફેર્સ હેડ નિર્મલ યાદવ તેમજ કંપનીના અન્ય અધિકારીઓ તેમજ શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## સુદર્શન કેમીકલ દ્વારા અંકલેશ્વરમાં વિશ્વ કક્ષાના કૌશલ્ય વિકાસ કેન્દ્રનો પ્રારંભ




તા. ૧૯ ફેબ્રુઆરી ના રોજ સુદર્શન ગુજરાત એ તેની સી.એસ.આર પ્રતિબધ્ધતાઓના ભાગ રૂપે અંકલેશ્વરમાં એક કૌશલ્ય વિકાસ કેન્દ્રની સ્થાપના કરી છે. જેનો ઉદેશ્ય સ્થાનિક યુવાનો માટે રોજગારક્ષમતાં સુધારો કરવા અને ટકાઉ આજીવિકા બનાવવાનો છે.

આ કેન્દ્ર ઔદ્યોગિક અને બિનઔદ્યોગિક ક્ષેત્રોમાં માળખાગત રોજગારલક્ષી તાલીમ પ્રદાન કરે છે. તે હાલમાં સ્થાનિક રોજગારીની તકો સાથે સંકલિત કૌશલ્યોથી યુવાઓને સજજ કરીને વાર્ષિક ૫૦૦ થી વધુ પરીવારોને રોજગારીલક્ષમાં મદદરૂપ થાય છે.

હાલમાં આ કેન્દ્ર ધ્વારા કુલ છ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં ફાયર અને સેફટી, ઈલેક્ટ્રીશયન, એડવાન્સ કમ્પ્યુટર, ટેલરીંગ, બ્યુટીશયન અને નર્સિંગ ના અભ્યાસક્રમોની તાલીમ આપે છે કે જે હાલની ઔદ્યોગિક અને બિન– ઔદ્યોગિક ની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને યુવાઓની કારકિર્દી ના માર્ગો ખોલવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે.

આ સુકશલ કેન્દ્રનું ઉધ્ઘાટન મુખ્ય અતિથિ તરીકે ભરૂચ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે ધ્વારા કરવામાં આવ્યું હતું અને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં એ. આઈ. એ ના પ્રમુખ વિમલભાઈ જેઠવા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત અંકલેશ્વરના જાણીતા ઉદ્યોગપતિઓ, જિલ્લાના આગેવાનો તેમજ એ. આઈ.એ કમિટિના હોદેદારોએ પણ આ પ્રસંગે ખાસ હાજરી આપેલ હતી.

સુદર્શન ગુજરાત ના સાઈટ ડીરેકટર ડી.કે. રાણાએ આકેન્દ્રની સંપૂર્ણ સફરની જાણકારી આપી તેમજ તેમણે ભાર મુક્યો કે આ કેન્દ્રનું સંચાલન એક અગ્રણી કૌશલ્ય વિકાસ સંસ્થા સાથે ભાગીદારીમાં કુશળતા પૂર્વક કરવામાં આવી રહેલું છે. જે તાલીમના અમલીકરણમાં સહાયતા પુરી પાડે છે.

સુદર્શન કેમીકલના હેડ ઓફ પીપલ પ્રેકટિસ અને ચીફ સેસ્ટેનીબીલીટ ઓફીસર શિવાલીકા રાજે જણાવ્યુ કે– અંકલેશ્વરમાં કૌશલ્ય વિકાસ કેન્દ્ર અમારી મહેચ્છાઓને પ્રતિબિંબિત કરે છે કે સાતત્ય સમુદાય પ્રગતિ યુવાઓની ક્ષમતા નિર્માણથી શરૂ થાય છે. સુદર્શનમાં સામાજીક મુલ્યો એ અમારી કેન્દ્રીય સાતત્યતાનો ભાગ છે. સુદર્શનની સર્વાંગી આકાંક્ષાઓ હેઠળ અમે અમારા કાર્યકારી ક્ષેત્રોમાં સમાવિષ્ટ, આત્મનિર્ભર અને સ્થિતિસ્થાપક સમુદાયોનું નિર્માણ કરવા માટે પ્રતિબધ્ધ છીએ.

અમો આ સુકશલ કેન્દ્ર ધ્વારા આધુનિક અને પર્યાવરણ રીતે જવાબદાર માળખાગત સુવિધાઓમાં ઉદ્યોગ સંબંધિત તાલીમ પુરી પાડીને, અમે યુવાઓને અર્થપૂર્ણ રોજગારીની તકો મેળવવા અને તેમના પરિવારો માટે સુરક્ષિત ભવિષ્ય બનવવા માટે સક્ષમ બનાવી રહ્યા છીએ.

આ કેન્દ્ર ઉદ્યોગ વિશિષ્ટ સાધનો, તાલીમ પ્રયોગશાળાઓ અને હાથથી શિક્ષિણને ટેકો આપવા માટે તમામ વર્ગખંડો અદ્યતન સુવિધાઓથી સજજ છે. આ બધા વર્ગખંડો વાઈફાઈ અને સ્માર્ટ ટેકનોલોજીના સંસાધનોથી સજજ છે. જે વિદ્યાર્થીઓને વર્તમાન શિક્ષણ તેમજ ડીજીટલ સંસાધનોથી જોડે છે. અભ્યાસક્રમમાં ટેકનીકલ શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુથી કમ્પ્યુટર સાક્ષરતા, અંગ્રેજીનું શિક્ષણ તેમજ જીવન કૌશલ્યની પણ તાલીમ આ સાથે આપવવામાં આવે છે. જે કાર્યસ્થળની તૈયારી અને આત્માવિશ્વાસમાં વધારો કરે છે.

આ કેન્દ્ર ભરૂચ જિલ્લાનાં તમામ સમુદાય માટે લાંબા ગાળાના સંસાધન તરીકે સેવા આપવા માટે નિર્માણ કરેલ છે. જે માળખાગત ઉદ્યોગ સંકલિત તાલીમ અને યુવાઓના કૌશલ્ય વિકાસ અને તેમની આર્થિક સ્થિતિસ્થાપકતા સાથે જોડે છે. વધુમાં આ કેન્દ્ર સંપૂર્ણ સૌર ઉર્જાથી સંચાલિત છે જે સુદર્શનના પર્યાવરણય જવાબદારીના ભાગરૂપે સુસંગત છે.

**"સંપૂર્ણ સૌર ઉર્જાથી સંચાલિત આધુનિક સુવિધા કેન્દ્ર – ઉદ્યોગ સંકલિત કોર્ષ દ્વારા દર વર્ષ ૫૦૦ થી વધુ પરિવારને લાભ"**

## વાહનોના પ્રદુષણમાં ટ્રકોનો હિસ્સો ૫૩ ટકા જયારે કુલ વાહનોમાં ટ્રકો ફક્ત ૩ ટાકા જ છે

ભારતમાં દોડતા કુલ વાહનોમાં ટ્રકોનો હિસ્સો માત્ર ત્રણ ટકા જ છે. પણ કુલ પ્રદૂષણમાં ટ્રકોનો હિસ્સો ૫૩ ટકા જેટલો ઊંચો છે. જેમાં ૬૦ ટકા બ્લેક કાર્બન અને ૭૦ ટકાથી વધુ નાઈટ્રોજન ઓક્સાઈડનો સમાવેશ થાય છે. ૨૦૧૯-૨૦માં ભારે વાહનો દ્વારા કુલ રોડ ટ્રાન્સપોર્ટમાંથી પેદા થયેલ ઉત્સર્જન કુલ પ્રદૂષણના ૨૭ ટકા હતું, જે ૨૦૩૦-૩૧માં વધીને ૩૫ ટકા થઈ જશે. ઉપરાંત આ સમયગાળામાં ભારતની ફ્રેટ માંગ વધીને ત્રણ ગણી થવાનો અંદાજ છે. સ્માર્ટ ફ્રેઈટ સેન્ટર (એસએફસી) ઈન્ડિયા, ટેરી અને આઈઆઈએમ-બેંગ્લોર દ્વારા બહાર પાડવામાં આવેલા એક નવા અહેવાલમાં ચિંતાજનક આંકડા રજૂ કરવામાં આવ્યા હતા અને આ સમસ્યા ઉકેલવા સામે રાષ્ટ્રીય રોડમેપનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. ભારત દર વર્ષે અબજો ટન માલસામાનની હેરફેર કરે છે. આ વિશાળ જથ્થાબંધ માલને નૂર કહેવામાં આવે છે અને તે દેશભરમાં પહોંચાડવા માટે વિવિધ પ્રકારના પરિવહન પર આધાર રાખવામાં આવે છે. આ પરિવહનની મોટા ભાગની માંગ ટ્રકો દ્વારા પૂર્ણ કરવામાં આવે છે. જે દિવસ રાત માલસામાનનું પરિવહન કરે છે. પણ એક અભ્યાસમાં ટ્રકો દ્વારા થતાં પ્રદૂષણના ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. ભારતમાં મોટા ભાગના ભારે માલવાહક વાહનોમાં ઈંધણ તરીકે ડીઝલનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાંથી મોટાભાગના ટ્રક દસ વર્ષથી જૂના હોય છે. એટલે કે, કાર, બાઈક, જીપ કે અન્ય વાહનો દ્વારા ટ્રકો દ્વારા જે વધુ પ્રદૂષણ ફેલાવવામાં આવે છે, તેનું મુખ્ય કારણ ટ્રકોની વય, બળતણનો વપરાશ અને વોલ્યૂમ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, જૂના ડીઝલ ટ્રકો અપ્રમાણસર રીતે નુકસાનકારક હોય છે. કેમ કે, એક દાયકાથી વધુ સમય સુધી ઉપયોગમાં લેવાતા વાહનો સમગ્ર ભારે વાહનોના સેગમેન્ટમાંથી બ્લેક કાર્બન અને નાઈટ્રોજન ઓક્સાઈડનો વધુ પ્રમાણમાં ફેલાવો કરે છે. જે ઝેરી અને પ્રદૂષિત હોટસ્પોટ બનાવે છે. આવું પ્રદૂષણ ત્યાં રેહતા અને કામ કરતા લોકોના આરોગ્યને અસર કરે છે. અલબત્ત નૂર ઉત્સર્જનના ભયજનક પ્રમાણ અને સુસંગતતા હોવા છતાં લગભગ કોઈ પણ ઉત્સર્જન સતત માપવામાં આવતું નથી.


MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

Janardan Mahant +91 93747 27216
Dhruv Mahant +91 70961 00434
J. Mahant & Co.
Labour Management Consultant & Advocate
- The Code on Wages, 2019
- The Industrial Relations Code, 2020
- The Code on Social Security, 2020
- The Occupational Safety, Health and Working Conditions Code, 2020
Monthly Compliance for EPF / ESIC / Labour Department, Departmental Inspection / Pay Roll Management, Labour License / Factory License / BOCW Registration/ Profesional Tax Registration
Branch Office : C-35, Narayan Square, Link Road., Bharuch. Mob: +91 70961 02434
Head Office: 304, Sankalp, Nanpura Police Street, Nanpura, Surat - 395 001, Gujarat | Mob: +91 95105 11721
janardanmahant@gmail.com | www.jmahant.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits
OUR CLIENT
adani BKT Reliance TATA NITREX POLYCAB zydus BOROSIL UPL SUZLON GOLDI SOLAR
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
THERMAX (Vender)
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002